# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-09-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજ્યની મુલાકાતે-34 હજાર કરોડ રુપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે
2. કચ્છ જિલ્લાનું ધોરડો રાજ્યનું ચોથું સોલાર વિલેજ બન્યું
3. કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયાએ રાજકોટ ખાતેથી વેરાવળ-જબલપુર એક્સપ્રેસ ટ્રેન અને 7 જોડી ટ્રેનોના સ્ટોપેજનો શુભારંભ કરાવ્યો.
4. ઉત્તર ગુજરાત-કચ્છ સિવાયના વિસ્તારોમાં આગામી 6 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી
5. ક્રિકેટ એશિયા કપમાં આજે ભારત અને ઓમાન વચ્ચે મુકાબલો

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM BHAVNAGAR VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજ્યની મુલાકાતે છે. તેઓ ભાવનગર હવાઈમથકથી જવાહર મેદાન સુધી રોડ શો યોજશે અને ભાવનગરમાં અંદાજે 34 હજાર 200 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે, જેમાં બંદર વિકાસ, નવીનીકરણીય ઉર્જા અને શહેરી પરિવહનને લગતા પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : હેમાંગીની સોનારા)

*('સમુદ્રથી સમૃદ્ધિ' અંતર્ગત પ્રધાનમંત્રી મોદી વડોદરાની ગુજરાત રિફાઇનરી ખાતે 5 હજાર 894 કરોડના ખર્ચે નિર્મિત ઇન્ડિયન ઓઇલના એક્રેલિક અને ઓક્સોહોલ પ્રોજેક્ટ અને 4700 કરોડના ખર્ચે છારા બંદર પર નિર્મિત **HPLNG LNG** રિગેસિફિકેશન ટર્મિનલ અને રાજ્યના ચોથા સોલાર વિલેજ કચ્છના ધોરડોનું પણ લોકાર્પણ કરશે. આ સાથે તેઓ 525 કરોડ રૂપિયા વધુના ખર્ચ નિર્માણ થનાર જામનગરની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલના નવા ભવનનું વર્ચ્યુઅલી ખાતમુહૂર્ત કરશે. તેઓ ધોલેરા **SIR**નું હવાઈ નિરીક્ષણ કરશે ત્યાર બાદ શ્રી મોદી લોથલ પહોંચશે અને રાષ્ટ્રીય દરિયાઈ વારસો સંકુલ- **NMHC** પરિયોજના અંગે સમીક્ષા બેઠક અને નિરીક્ષણ કરશે.*

*હેમાંગીની સોનારા આકાશવાણી સમાચાર અમદાવાદ)*

-------------

# SOLAR VILLAGE DHORDO

કચ્છ જિલ્લાનું ધોરડો રાજ્યનું ચોથું સોલાર વિલેજ બન્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ભાવનગર ખાતેથી આ સોલર વિલેજનું લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી સૂર્યઘર મુફ્ત બીજલી યોજના હેઠળ ધોરડો ગામના 100 ટકા રહેણાંક હેતુના વીજજોડાણોનું સોલરાઇઝેશન કરાયું છે. આ પ્રોજેક્ટ થકી ધોરડોના 81 રહેણાંક ઘરો માટે 177 કિલોવોટની સોલાર રૂફટોપ કેપેસિટી મળશે. આ અંગે ગામના સરપંચ મિંયા હુસેને જણાવ્યું કે, હવે આખા ગામના ઘરોમાં સોલાર રૂફટોપ લાગવાથી લોકોનું બિલ સાવ ઓછું થઇ જશે અને તેનાથી ગામના લોકોને ઘણો ફાયદો થશે.

(બાઇટ : મિંયા હુસેન, સરપંચ)

અગાઉ મહેસાણાનું મોઢેરા, ખેડાનું સુખી અને બનાસકાંઠાનું મસાલી ગામ સોલાર વિલેજ તરીકે જાહેર થયા હતા.

-------------

# MANDVIYA RAJKOT

કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયા આજે રાજકોટની મુલાકાતે હતા. તેમણે નવાગઢ રેલવે મથકેથી વેરાવળ-જબલપુર એક્સપ્રેસ ટ્રેનને લીલીઝંડી આપી વિવિધ મથકો પર મળેલા 7 જોડી ટ્રેનોના વધારાના સ્ટોપેજનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી માંડવિયાએ જણાવ્યુ, આ ટ્રેનોના સ્ટોપેજથી જેતપુરના રંગકામ ઉદ્યોગ સાથે સંકળાયેલા એક લાખથી વધુ કામદારો અને જેતપુર વિસ્તારના લોકોને ફાયદો થશે.

(બાઇટ : ડૉ.મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)

-------------

# PM MOVIE REVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી એક સપ્તાહ સુધી "ચલો જીતે હૈ", ફિલ્મ રાજ્યના દરેક સિનેમાઘરોમાં નિશુલ્ક બતાવવામાં આવી રહી છે, અમદાવાદના વસ્ત્રાપુરના એક વરિષ્ઠ નાગરિકે ફિલ્મ જોયા બાદ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : જયંતિ પટેલ)

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GST REFORMS

કર માળખાને સરળ બનાવવા અને નાગરિકો પર નાણાકીય બોજ હળવો કરવાની દિશામાં એક સીમાચિહ્નરૂપ પગલામાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ વર્ષે સ્વતંત્રતા દિવસના ભાષણમાં આગામી પેઢીના GST સુધારાઓની જાહેરાત કરી. નવા કર દરો સોમવારથી લાગુ કરવામાં આવશે. ત્યારે વલસાડના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મૈત્રી પટેલે પ્રતિક્રિયા આપી.

(બાઇટ : મૈત્રી પટેલ, CA)

-------------

# SEVA PARV - TRIBAL EMPOWERMENT

સેવા અને સુશાસન, એટલે કે જાહેર સેવા અને સુશાસનના મંત્ર દ્વારા સંચાલિત, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર, પરિવર્તન અને પ્રગતિ લાવવા માટે અથાક મહેનત કરી રહી છે.

ભારતમાં 10 કરોડ 45 લાખથી વધુ આદિવાસી નાગરિકો છે, જે દેશની કુલ વસ્તીના લગભગ 8.6 ટકા છે. 'સેવા પર્વ'અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, આદિવાસી સમુદાયોને સશક્ત બનાવાયા છે અને તેમના જીવનધોરણમાં સુધારો થયો છે.

(બાઈટ-- જન જાતીય ગૌરવ અંગે પ્રધાનમંત્રી)

-------------

# GUJARAT RAIN

રાજ્યના 34 તાલુકામાં આજે સામાન્યથી ભારે વરસાદ નોંધાયો, જેમાં ભરૂચ જિલ્લાના વાગરામાં સૌથી વધુ પોણા ચાર ઇંચથી વધુ વરસાદ વરસ્યો જ્યારે સુરતમાં બે ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. રાજયમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ 108 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી પડેલા વરસાદને કારણે રાજ્યના 145 જળાશય હાઇએલર્ટ પર છે. દરમિયાન સરદાર સરોવર બંધની જળસપાટી 137 મીટરે પહોંચતા એક લાખ 95 હજાર ક્યુસેક સુધી પાણી છોડાયું જેને પગલે નદીકાંઠાના નીચાણવાળા વિસ્તારોને સાવચેત કરાયા છે.

-------------

# Weather

રાજ્યમાં ઉત્તર ગુજરાત અને કચ્છ સિવાયના ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

હવામાન વિભાગ દ્વારા આગામી 25 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જેમાં ખાસ કરીને ઉત્તર ગુજરાત અને કચ્છને બાદ કરતા સમગ્ર રાજ્યમાં હળવો વરસાદ થઈ શકે છે.

કચ્છ, બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં વરસાદની શક્યતા નહિવત છે.દરમ્યાન  ડીસા અને કચ્છના કેટલાક ભાગોમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે.

હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યુ હતું કે, આગામી 4 દિવસ ગાજવીજ સાથે 30 થી 40 કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે. અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય હોવાથી હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે.

-------------

# IND/OMAN - ASIA CUP

એશિયા કપ 2025ના પોતાના અંતિમ ગ્રુપ A મેચમાં ભારત આજે અબુ ધાબીમાં ઓમાન સામે રમશે. બે મેચમાંથી ચાર પોઈન્ટ સાથે, ભારત પહેલાથી જ સુપર 4 પ્રવેશી ગયું છે, જ્યારે ઓમાન બહાર થઈ ગયું છે. ગ્રુપ સ્ટેજમાં ભારતે UAE સામે હાઇ-સ્કોરિંગ જીત સાથે શરૂઆત કરી હતી અને તેની છેલ્લી મેચમાં પાકિસ્તાનને સાત વિકેટથી હરાવ્યું હતું. શેખ ઝાયેદ સ્ટેડિયમ ખાતે કેપ્ટન સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં આ મેચ રાત્રે 8 વાગ્યે શરૂ થશે.

-------------

# Navsari YOG Award

નવસારી જિલ્લાના યોગ કો-ઓર્ડીનેટર ગાયત્રી તલાટીને ‘બેસ્ટ યોગ કોઓર્ડીનેટર-2024-25’ પુરસ્કારથી સન્માનિત કરાયા.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યકક્ષાની બેસ્ટ યોગ કો-ઓર્ડીનેટર સ્પર્ધામાં ગાયત્રીબેનને નવસારી જિલ્લાના ઘરે ઘરે યોગ પહોંચાડવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

રાજ્ય યોગ બોર્ડ દ્વારા સર્વ શ્રેષ્ઠ કાર્ય કરનાર પાંચ યોગ કો-ઓર્ડીનેટરને રાજ્યકક્ષાનો પુરસ્કાર મળ્યો હતો.

-------------

# Banaskantha dantivada

બનાસકાંઠાની જીવાદોરી સમાન દાંતીવાડા જળાશય ચાલુ વર્ષે ૯૫ ટકા ભરાયો છે.

વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ આજે દાંતીવાડા ડેમ પરથી બનાસ નદીના નીરના વધામણા કરીને ૨૦૦૦ ક્યુસેક પાણી છોડ્યું હતું.શ્રીચૌધરીએ જણાવ્યું કે, દાંતીવાડા થી લઈને ડીસા, ભીલડી, રાધનપુર, કાંકરેજ સુધીના વિસ્તારમાં પાણીના તળ ઊંચા આવશે ,તેમણે પાણી છોડાતાં બનાસ નદીના નીચાણવાળા વિસ્તારમાં લોકોને સાવધાન રહેવા જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, દાંતીવાડા જળાશય યોજનાથી ૧૧૦ ગામોને સિંચાઈનો તથા ત્રણ તાલુકાના ૮૭ ગામોને પીવાના પાણીનો લાભ મળે છે.

-------------

# Swasth naari –sashakt parivar

રાજ્યમાં “ સ્વસ્થ નારી- સશક્ત પરિવાર ” અભિયાન અંતર્ગત, અત્યાર સુધી અંદાજે 20 હજારથી વધુ આરોગ્ય શિબિર યોજાઇ છે.

સ્વસ્થ નારી,સશક્ત પરિવાર” અભિયાન અંતર્ગત બોટાદ જિલ્લાના તુરખા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

કચ્છમાં દેશલપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય શિબિર યોજાઇ.

મહીસાગર જિલ્લાના ડીટવાસ સામૂહિક આરોગ્ય કેન્દ્રખાતે આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

-------------

# Bhanuben babariya –rajkot

કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા અને રાજકોટના મેયર નયના પેઢડીયાએ પુનિતનગર ખાતે ૬ કરોડ ૯૨ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા વોર્ડ ઓફિસ તથા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કર્યું.

શ્રીમતી બાબરીયાએ આ પ્રસંગે જણાવ્યુ કે, વિધાનસભા મતવિસ્તારમાં છેલ્લા બે વર્ષ દરમિયાન અંદાજિત ૧૯૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમના વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત-લોકાર્પણ થયા છે.

-------------

## Khel bharti 2025

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સાદરા ખાતે ખેલ ભારતી-૨૦૨૫નો પ્રારંભ કરાવ્યો.

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત ત્રિ-દિવસીય આ કાર્યક્રમ,પ્રસંગે શ્રી દેવવ્રતે જણાવ્યુ હતું કે, ખેલકુદ બાળકોમાં સહકારનીભાવના અને સંકલનનો ભાવ કેળવાય છે તેથી તે ડિપ્રેશનનો ભોગ બનતું નથી તેમણે દરેકટીમને ખેલદિલીથી રમતોમાં જોડાવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગેરાજ્યપાલ શ્રીએ વિદ્યાર્થીઓએ કરેલ મલ્લખમ અને તલવારબાજીની સરાહના કરી હતી.

-------------

## ROAD REPAIR

રાજ્યમાં વરસાદથી પ્રભાવિત તથા અન્ય કારણોસર ક્ષતિ પામેલા માર્ગો પર મરામતની કામગીરી પ્રગતિમાં છે.

પંચમહાલ જિલ્લાના બોડેલી - હાલોલ રોડ, ટુવા - રતનપુર - મેહલોલ રોડ, પાવાગઢ હિલ રોડ અને શહેરા - છાણી - મોરવા રોડ પર ડામર પેચવર્ક સાથે માર્ગ મરામતની કામગીરી કરવામાં આવી. સાબરકાંઠા જિલ્લામાં રોડ પર ડામર પેચવર્કની કામગીરી કરાઈ. અમદાવાદ લીંબડી રાષ્ટ્રીય ધોરીમાર્ગ 47 પર પેચવર્ક અને માર્ગ મરામતની કામગીરી કરવામાં આવી હતી.

-------------